# ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી

બ્લોક નં. ૪, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

## <u>સમરસ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા અંગેની જાહેરાત</u>

કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને વર્ષ ૨૦૨૧-૨૨નાં શૈક્ષણિક વર્ષ માટે <u>આણંદ, ભાવનગર, જામનગર, હિમતનગર, પાટણ ખાતેના સમરસ કુમાર અને કન્યા છાત્રાલયો તેમજ વડોદરા કુમાર અને સુરત કન્યા સમરસ છાત્રાલયમાં</u> પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ પાસેથી <u>https://samras.gujarat.gov.in/</u> વેબસાઈટ પર તા: ૧૫/૧૦/૨૦૨૧ સુધી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

- સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં કોઈપણ વર્ષ કે સેમેસ્ટરમાં નવો પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨ની ટકાવારી અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની ટકાવારીના આધારે મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. (નોંધ: વિદ્યાર્થીએ ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઈએ.)
- રિન્યુ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા માટેના લાયકાતના ધોરણો વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
- જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં અરજી કરેલ હોય પરંતુ કોવિડ ૧૯ના કારણે પ્રવેશ આપવામાં આવેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવેસરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે. અગાઉ કરેલ અરજી માન્ય ગણાશે નહિ.
- ઓનલાઈન અરજીના આધારે પ્રવેશ માટેની પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિદ્ધ થયેથી તેમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓએ વેબસાઈટ પર દર્શાવેલ સમયગાળામાં સબંધિત સમરસ છાત્રાલય ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે.
- જો કોઈ વિદ્યાર્થિની ઓનલાઈન ફોર્મમાં ભરેલ ટકાવારી અને અસલ માર્કશીટની ટકાવારીમાં તથા લાયકાત અંગેના પ્રમાણપત્રોમાં તફાવત હશે તો તેવા અરજદારોનો પ્રવેશ રદ કરવામાં આવશે.
- વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ ઓનલાઈન અરજીના આધારે પ્રવેશ અંગેનો હક્ક દાવો કરી શક્શે નહિ. સમરસ છાત્રાલયમાં પ્રવેશ અંગેની અંતિમ યાદી કોવિડ – ૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા નક્કી કરેલ નિયમોના આધારે બહાર પાડવામાં આવશે.



Scanned with CamScanner

- હાલમાં કોવિડ-૧૯ને કારણે ફક્ત રિન્યુ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે. ત્યારબાદ છાત્રાલયની ક્ષમતા મુજબ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
- અનિવાર્ય સંજોગોમાં કોવિડ ૧૯ મહામારી અથવા કોઈપણ કારણોસર સરકારશ્રી/ સ્થાનિક પ્રશાશનને સમરસ છાત્રાલય કોવિડ કેર સેન્ટર તરીકે ઉપયોગમાં લેવાની જરૂરીયાત જણાય તો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને છાત્રાલય તાત્કાલિક ખાલી કરવાની શરતે પ્રવેશ આપવામાં આવશે.
- સમરસ છાત્રાલયના પ્રવેશ અંગેના નિયમો તેમજ વધુ વિગતો ઉક્ત દર્શાવેલ વેબસાઈટ પર દર્શાવેલ છે. જેનો સંપુર્ણ અભ્યાસ કરી છાત્રોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે.
- ગ્રામ્ય વિસ્તારના છાત્રો ઈ-ગ્રામ મારફતે પણ પ્રવેશ માટેની ઓનલાઈન અરજી કરી શકશે.
- પ્રવેશ અંગેની વધુ માહિતી માટે સબંધિત જિલ્લામાં આવેલ સમરસ છાત્રાલયનો સંપર્ક કરવાનો રહેશે.

(-સહિ-)

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી
અને
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર



Scanned with CamScanner